# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**
**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૨૧ અંક : ૨૬૩

પ્રમુખ
**કીર્તિકુમાર ટોકરશી કાપડિયા**
મો. ૯૩૯૧૦ ૧૨૯૬૯

માનદ્ મંત્રી
**પંકજ હિરજી સાવલા**
મો. ૯૮૪૯૭ ૪૭૬૨૫

સંપાદકો
**દર્શના દિનેશ દેઢિયા**
ફોન. ૬૬૪૬ ૩૬૯૫,
મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

**રમેશ મણીલાલ શાહ**
ફોન. ૨૪૭૫ ૧૮૭૫,
મો. ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,
ઈડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોન: ૨૪૭૫૨૩૮૩, ૬૫૯૪૨૩૮૩
**email : hydkmm@gmail.com**

મુદ્રક : **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫
ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦
email :chandraprabhagraphics@gmail.com

કિંમત - રૂ. ૧/-


"નિયાંપો" માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## પ્રમુખશ્રીનો સંદેશ

કીર્તિકુમાર ટોકરશી કાપડિયા

પ્રમુખશ્રીનો સંદેશ....

*''મેઠો પાંજો કચ્છડો, મેઠા પાંજા માડુ*
*મેઠી પાંજી ગાલીયું ને મેઠી પાંજી પ્રીત...''*

કચ્છી મંડળના આપ સૌ ભાઈ બહેનોને કચ્છી નવા વર્ષની, મારી તથા મારા સાથી કારોબારી સમિતિના સભ્યોની વધાઈયું સ્વીકારશો.

વર્ષ ૨૦૧૭-૨૦૧૯ માટેની કારોબારી સમિતિ તેમજ વર્ષ ૨૦૧૭-૨૦૨૧ માટે ટ્રસ્ટ મંડળની ચુંટણીઓ સુમેળભર્યા વાતાવરણમાં સંપન્ન થઈ ગઈ. તે સાથે પદાધિકારીઓની નિમણુક તેમજ વિવિધ સમિતિઓના સંચાલકોની નિમણુક પણ તેવીજ રીતે એખલાસ ભર્યા વાતાવરણમાં સહ સંમતિથી થઈ. સૌ સભ્યોને અભિનંદન.

મંડળની પ્રવૃત્તિઓ જેવી કે ભવનનું મેનેજમેન્ટ, ત્રણ ડિસ્પેન્સરીઓ, સભ્યોના બાળકોના લાભાર્થે શિક્ષણ યોજના, માવજત સમિતિ હેઠળ મેડિકલ કેમ્પો, માનવ-મિત્ર, શાંતિ પ્રાઈમરી સ્કુલ, આવાસ યોજના, વડિલોના શ્રેયાર્થે શાંતિવન સમિતિ, મનોરંજન કાર્યક્રમો ઈત્યાદી રાબેતા મુજબ ચાલુ છે. મારો તથા કારોબારી સમિતિના મારા સાથીઓનો એ ધ્યેય રહેશે કે આ પ્રવૃત્તિઓ આગળ ધપાવવી અને સુવહીવટ દ્વારા હજુ વધુ સમાજોપયોગી નવી પ્રવૃત્તિઓ હાથ ધરવી.

બીજું આનંદ સાથે જણાવવાનું કે આપણા મંડળના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી સુશીલભાઈ ધીરજલાલ કાપડિયાને ગત મહિને મુંબઈ મધ્યે ''કચ્છ શક્તિ'' દ્વારા ''સમાજ રત્ન'' એવાર્ડથી સન્માનિત કરવામાં આવેલ છે. આપણે સહુ કચ્છી મિત્ર મંડળના સભ્યો માટે આ એક ગૌરવભર્યો પ્રસંગ છે. મારા તરફથી તેમજ આપ સૌ તરફથી તેમને હાર્દિક અભિનંદન.

મંડળના પ્રમુખ તરીકે આપે મને બીજીવાર સેવા માટે અવસર આપેલ છે તે માટે આપનો આભાર. અમારી કોશિષ રહેશે કે આપણા મંડળની પ્રતિષ્ઠા તથા પ્રતિભા દિન પ્રતિદિન વધતી રહે. આ દિશામાં આપના સકારાત્મક સુચનો આવકાર્ય છે.

જય જીનેન્દ્ર

હવે આપ વેબ સાઈટ ઉપર "નિયાંપો" વાંચી શકો છો
**www.shrikutchimitramandal.org**

# સંપાદકીય

દર્શના દિનેશ દેઢિયા
રમેશ મણીલાલ શાહ

જય જિનેન્દ્ર,

ચોમાસુ બેસી ગયેલ છે. મેઘરાજાની પધરામણી વાજતે ગાજતે થઈ ગઈ છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આ વર્ષે વરસાદ આપણને નિરાશ નહીં કરે. આપણા દેશમાં ખેતી વરસાદ આધારીત છે. વરસાદ સારો તો ખેતી સારી, પાકનો ઉત્પાદન સારો, ખેડુત સુખી, ખેતીની આવકના સીધા પ્રત્યાઘાત દેશની આર્થિક પરિસ્થિતિ ઉપર પડે છે. આપણા મોટા ભાગના કચ્છી માડુ વ્યાપાર ધંધામાં પરોવાયલા છે. પ્રાર્થના કરીએ કે હવામાન સાનુકુળ રહે.

૨૧ જુનના ૨૦૧૭ના આંતરરાષ્ટ્રિય યોગ દિવસ દુનિયાભરમાં મનાવવામાં આવેલ. ૫૦૦૦ વર્ષ કે તે પહેલાથી આપણા દેશના ઋષિ મુનિઓએ આ યોગશાસ્ત્રની શોધ કરેલ. આપણા આ જટિલ શરીરના એક એક ભાગ માટે, એક એક મસલ્સ માટે, એક એક હાડકાને છેલ્લી ઉંમર સુધી ચુસ્ત રાખવા માટે યોગ એ એક અકસિર પર્યાય છે. કમનશિબે અત્યાર સુધી આ દેશમાં અમુક વર્ગ છોડીને, આ શાસ્ત્ર માટે એટલી જાગૃતિ ન હતી. રામદેવ બાબાએ આ દિશામાં લોકોમાં જાગૃતિ આવે તે માટે પુરતો પ્રયત્ન કરેલ. આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ યુનાઇટેડ જનરલ એસેમ્બલીમાં ૨૦૧૪માં અપીલ કરેલ કે પ્રાચિન ભારત દેશની મનુષ્ય જાત માટે ''યોગ'' એક અમુલ્ય ભેટ છે જે મન, શરીર અને અધ્યાત્મિક રીતે ફાયદો આપે છે. દુનિયામાં દરેક દેશની પ્રજા આ વિજ્ઞાન અપનાવે તે માટે યું. એન. વર્ષનો એક દિવસ આંતરરાષ્ટ્રિય યોગ દિવસ તરીકે માન્ય કરે. તે મુજબ ૧૧ ડિસેમ્બર ૨૦૧૪માં યુનાઇટેડ જનરલ એસેમ્બલીએ ૧૭૭ દેશના બહુમતથી દર વર્ષે ૨૧ જુન આંતરરાષ્ટ્રિય યોગ દિવસ તરીકે માન્ય કરેલ છે. યોગ કરવાથી ફાયદો થાય છે તેથી આપણે અજાણ નથી. આપણા દેશના સર્વ નાગરિકોને ગર્વ રહેશે કે ભારતની પ્રાચીન સંસ્કૃતિ-''યોગ'' - દુનિયાના સમસ્ત દેશોની પ્રજા માટે લાભદાયક બની રહેશે.

આપ સૌને અમારી ખાસ અપીલ છે કે હર રોજ તમારા નિત્યક્રમમાં યોગ અપનાવી, તમારા તન, મન અને અધ્યાત્મિક સુંદરતાને નિખારો.

# શિક્ષણ સમિતિ

સંચાલિકા: શ્રીમતી વાસંતી શાહ
૦૯૮૪૯૫ ૪૭૫૪૩

*"Unless you stand up to the world, no one will respect you.
In this world, fear has no place. Only your strength respects strength"*

**- Dr. APJ Abdul Kalam**

I take this opportunity to thank you all for bestowing your faith in me and giving me an opportunity to serve our samaj. Shikshan Samithi needs like-minded persons to join us. Please contact sanchalika for further details.

Like every year, this year also we call for applications for Shikshan Aid from the needy persons. Please fill in your applicaitons and submit it at the office at kutchi bhavan.

Last date for submission of forms is as under :

- **Class Nursery to 12th std. up to 31st July 2017**
- **Degree and above up to 31st August 2017**

Please note that for degree and above, the students have to personally submit their forms at kutchi bhavan office from 21th August 9.30 am to 10.30 am (except Sundays)



# માનદ્ મંત્રીશ્રીનો અહેવાલ

પંકજ હીરજી સાવલા
૯૮૪૯૭૪૭૬૨૫

### ''સર્વેને કચ્છી નવ વર્ષની વધાઈ (અષાઢી બીજ) અને શુભકામના

સમાજના સર્વ મેમ્બરો અને કારોબારી સભ્યોના સ્નેહ અને લાગણી ભાવથી ફરી એકવાર માનદ્ મંત્રી પદ મને સોંપવામાં આવેલ છે, આપ સૌના સાથ અને સહકાર થકી સફળતા પુર્વક પદ સંભાળવા પ્રયત્નશીલ રહીશ.

તા. ૧૧-૬-૨૦૧૭ના દિને વાર્ષિક સામાન્ય સભામાં લગભગ ૧૧૦૦ સભ્યોની હાજરી હતી, ચુંટણી ખુબજ શીસ્ત પુર્વક પાર પાડવામાં આવી, ચુંટણી અધિકારી શ્રી વસંત ઉમરશી વોરા અને એમના સાથી કાર્યકરોનો આભાર. સામાન્ય સભામાં પોતાનો અમુલ્ય સમય અને સાથ આપનાર દરેક કાર્યકર્તાઓનો આભાર.

નવા ચુંટાઈ આવેલ સર્વ કારોબારી સભ્યો અને ચુંટાઈ આવેલ સર્વ ટ્રસ્ટીઓને અભીનંદન.

તા. ૧૫-૬-૨૦૧૭ના દિવસે કારોબારીના ચુંટાયેલ સભ્યોની એક સભા યોજાઈ હતી જેમાં હોદેદારોની નીમણુંક કરવામાં આવી હતી.

ટ્રસ્ટ બોર્ડની એક સભા તા. ૧૫-૬-૨૦૧૭ના દિવસે મળી હતી જેમાં શ્રી સુશીલભાઈ ધીરજલાલ કાપડિયાની મેનેજીંગ ટ્રસ્ટી તરીકે નિમણુંક કરવામાં આવી હતી, સાથે બે ટ્રસ્ટી કારોબારી સમિતિમાં પ્રતિનિધીત્વ કરશે એમ નક્કી થયું હતું.

તા. ૨૭-૬-૨૦૧૭ના દિવસે કારોબારીની એક સભા રાખવામાં આવી હતી જેમાં કૉ-ઑપ્ટ સભ્ય અને વિવિધ સમિતિઓના સંચાલકોની વરણી કરવામાં આવી હતી. આ સર્વ બાબત અંગેની નામાવલી અન્યત્ર છપાયેલ છે.

વેકેશન પછી વિદ્યાર્થીઓ આગળ અભ્યાસની તૈયારીઓમાં લાગી ગયા છે. શિક્ષણ ક્ષેત્રે આપણા સમાજના વિદ્યાર્થીઓ ખુબજ સારી પ્રગતિ કરી રહ્યા છે, આગળના અભ્યાસ માટે સૌને શુભકામના.

શિક્ષણ ક્ષેત્રે આપવામાં આવતી સહાય ટુંક સમયમાં શરૂ કરવામાં આવશે અને શિક્ષણ સહાય ક્ષેત્રે વિવિધ સ્કીમો વિચારાધીન છે, સમય અનુસાર જાણ કરવામાં આવશે.

જૈન ધર્મનું મહત્વપુર્ણ ચાતુર્માસનું આગમન થઈ ગયેલ છે, દરેક સંપ્રદાયના સાધુ સાધ્વી મહારાજનું મંગલમય પ્રવેશ થઈ ગયેલ હશે. ચાતુર્માસ દરમ્યાન સહુને યથાશક્તિ ધર્મ આરાધના તથા વ્યાખ્યાન વાણીનો લાભ લેવા વિનંતી.

સમાજના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી સુશીલભાઈ ધીરજલાલ કાપડિયાને "કચ્છ શક્તિ" તરફથી "સમાજરત્ન" એવાર્ડથી નવાજવામાં આવેલ છે, સમાજ વતિ અભીનંદન.

રમત-ગમત અને યૂવાવર્ગ સમાજના પ્રગતિના એક મહત્વપુર્ણ અંગ છે, સમસ્ત યૂવા વર્ગ આ કાર્યમાં સમાજ સાથે જોડાઈ, સમાજને નવા શિખરો પર લઈ જવામાં મદદરૂપ બને એવી મંગલકામના.

આર્થિક પ્રગતિ ભવનનું એક મહત્વપૂર્ણ અંગ છે. ભવન બુકીંગમાં ઉત્તરોતર વધારો થાય એવા વિવિધ પેકજ દરો વિચારાધીન છે સમય અનુસાર જાણ કરવામાં આવશે. સર્વ મેમ્બરોને અનુરોધ છે, આપણે ભવન બુકીંગ માટે સ્વયં બ્રાન્ડ એમ્બેસેડર બની બુકીંગમાં વધારો કરાવવા મદદરૂપ બનીએ.

# Shri Kutchhi Mitra Mandal-Hyderabad

## TRUST BOARD


| TRUSTEE | NAME | VILLAGE | MOBILE NO. |
|---|---|---|---|
| Managing Trustee | Sri Sushil Dhirajlal Kapadia | patri | 93933 19333 |
| Donor Trustee | Sri Dhanji Lakhamshi Savla | Navavas | 93910 52803 |
| Donor Trustee | Sri Damji Jivraj Nagda | Varandi Moti | 98490 99966 |
| Donor Trustee | Sri Nitin Shivji Dharod | Patri | 89784 44848 |
| Donor Trustee | Sri Vijay Damji Nagda | Varandi Moti | 98490 24422 |
| Donor Trustee | Smt. Nishaben Nitin Dharod | Patri | 91009 32315 |
| Donor Trustee | Sri Kirtikumar Tokarshi Kapadia | Patri | 93910 12969 |
| Donor Trustee | Sri Sureshchandra Hirji Gosar | Sabharai | 93910 07391 |
| Donor Trustee | Sri Popatlal Bhanji Gada | Lathedi | 98483 87854 |
| Donor Trustee | Smt. Leelamben Dhirajlal Kapadia | Patri | 90149 19333 |
| Donor Trustee | Sri Harilal Velji Nishar | Vadala | 94401 91099 |
| Donor Trustee | Sri Shashikant Damji Nagda | Varandi Moti | 98855 99998 |
| Donor Trustee | Sri Hemang Manikant Momaya | Varadia | 98851 01010 |
| Donor Trustee | Sri Shantilal Khimji Mamania | Merau | 98490 33050 |
| Donor Trustee | Sri Praful Ratanshi Gogri | Nagalpur | 98490 45209 |
| Donor Trustee | Sri Amritlal Bhanji Nishar | Vadala | 93475 55574 |
| Donor Trustee | Smt. Sweta Ameet Zaveri | Bhuj | 99634 59595 |
| **For the year 2017-2021** | | | |
| Elected Trustee | Sri Harilal Bhimshi Savla | Samagogha | 98496 38600 |
| Elected Trustee | Smt. Vijayaben Kirti Kapadia | Patri | 81793 70040 |
| Elected Trustee | Sri Shantilal Valji Maru | Bhojay | 94406 07290 |
| Elected Trustee | Sri Pradeep Keshavlal Sanghvi | Mundra | 94406 01669 |
| Elected Trustee | Sri Ramesh Manilal Shah | Bhuj | 94409 96652 |

# Shri Kutchhi Mitra Mandal-Hyderabad

## WORKING COMMITTEE YEAR 2017-2019

| OFFICE BEARERS | NAME | VILLAGE | MOBILE NO. |
|---|---|---|---|
| President | Sri Kirtikumar Tokarshi Kapadia | Patri | 93910 12969 |
| Vice-President | Sri Sureshchandra Hirji Gosar | Sabharai | 93910 07391 |
| Hon. Secretary | Sri Pankaj Hirji Savla | Beraja | 98497 47625 |
| Joint Secretary | Sri Hemang Manikant Momaya | Varadia | 98851 01010 |
| Treasurer | Sri Premchand Keshavji Chheda | Godhara | 93460 54660 |
| Joint Treasurer | Sri Jayant Khimji Gada | Sabharai | 93962 54500 |
| Committee Member | Smt. Vasanti Arvind Shah | Navinar | 98495 47543 |
| Committee Member | Sri Manilal Ramji Dharod | Patri | 93910 02669 |
| Committee Member | Sri Sushil Dhirajlal Kapadia | Patri | 93933 19333 |
| Committee Member | Smt. Darshana Dinesh Dedhia | Bhujpur | 81064 07191 |
| Committee Member | Sri Dirgesh Hirji Nishar | Vadala | 93933 79797 |
| Committee Member | Sri Pratap Jilubha Jadeja | Samagogha | 99599 44822 |
| Committee Member | Sri Keshavji Premji Chheda | Layja Mota | 93910 29266 |
| Committee Member | Sri Rajiv Khimji Mamania | Merau | 98850 33050 |
| Committee Member | Smt. Darshana Pankit Savla | Bada | 90327 67111 |
| Trust Board Rep., | Sri Harilal Bhimshi Savla | Samagogha | 98496 38600 |
| Trust Board Rep., | Sri Pradeep Keshavlal Sanghvi | Mundra | 94406 01669 |
| Co-op. Member | Sri Laherchand Tokarshi Lodaya | Rapar Gadhvari | 92465 31066 |

# Shri Kutchhi Mitra Mandal-Hyderabad

## 2017-2019 SAMITI - SANCHALAK

| Sr. No. | Samiti Name | Sanchalak | Village | Mobile No. |
|---|---|---|---|---|
| 1. | Avaas Grah Samiti | Shri Keshavji Premji Chheda | Layja Mota | 93910 29266 |
| 2. | Sadhan Samagri Samiti | Shri Manilal Ramji Dharod | Patri | 93910 02669 |
| 3. | Health Care Samiti | Shri Dirgesh Hirji Nishar | Vadala | 93933 79797 |
| 4. | Mahila Samiti | Smt. Darshana Pankit Savla | Bhinsara | 90327 67111 |
| 5. | Manav Mitra Samiti | Shri Harilal Bhimshi Savla | Samaghogha | 98496 38600 |
| 6. | Manoranjan Samiti | Shri Pratap Jilubha Jadeja | Samaghogha | 99599 44822 |
| 7. | Membership Samiti | Shri Rajiv Khimji Mamania | Merau | 98850 33050 |
| 7. | Bhavan Maintanence Samiti | Shri Laherchand Tokarshi Lodaya | Rapar Gadhvari | 92465 31066 |
| 8. | Paryushan Utsav Samiti | Shri Hemang Manikant Momaya | Varadita | 98851 01010 |
| 9. | Prakashan Samiti | Smt. Darshana Dinesh Dedhia | Bhujpur | 81064 07191 |
| | | Sri Ramesh Manilal Shah | Bhuj | 94409 96652 |
| 10. | Shanti Primary School | Shri Hemang Manikant Momaya | Varadiya | 98851 01010 |
| 12. | Shikshan Samiti | Smt. Vasanti Arvind Shah | Navinar | 98495 47543 |
| 13. | Skill Development Samiti | Shri Bharat Maganlal Dharod | Patri | 98490 03047 |

# WANTED

**URGENTLY REQUIRED FULL TIME OFFICE ASSISTANT FOR MANDAL'S OFFICE WORK.**

**KNOWLEDGE OF COMPUTER USE IS REQUIRED.**

**WORKING KNOWLEDGE OF GUJARATI PREFERED.**

**Contact : Mandal's Office (Ph. 2475 2383)with bio-data between 9 a.m. to 10.30 a.m.**

# માનવ મિત્ર સમિતિ

સંચાલક : હરિલાલ ભીમશી સાવલા

આવેલ દાનની વિગત

| દાતાઓના નામ | આશ્રમ રૂા. | ગૌશાલા રૂા. એક ઓટો | ડાયાલીસીસ (એક ના રૂ.૫૦૦લેખે) | પીપલ્સ ફોર એનીમલ | હોસ્પિટલ | જીવદયા (કબુતરને ચણ) |
|---|---|---|---|---|---|---|
| સ્વ. હીરજી મુરજી સાવલાની પુણ્યતીથી નિમિત્તે હ : શાંતાબેન હીરજી સાવલા | - | - | ૨ | ૧૦૦૦ | ૧૦૦૦ | - |
| શ્રીમતી ભાવિકા વિજય વોરા | ૫૦૦ | - | ૨ | - | - | - |
| સ્વ. પુષ્પાબેન પ્રેમજી છેડા-મુંબઈ હ : હરિલાલ સાવલા | ૨૦૦૦ | ૨૦૦૦ | ૪ | ૨૦૦૦ | - | ૩૦૦૦ |
| એક સદગ્રહસ્થ તરફથી | - | ૧૦૦૦ | - | - | - | - |
| સ્વ. ગંગાબેન એ. માલદે | - | ૫૦૦ | - | ૫૦૦ | - | - |
| શ્રીમતી ઝવેરબેન નાનજી ગાલા | ૫૦૦ | ૫૦૦ | - | - | - | - |
| શ્રી નેમજી ડી. કક્કા | - | - | - | ૨૫૦૦ | - | - |

**છાસ વિતરણ યોજના :** હેમન્ત મણિલાલ સાવલા, હાંસબાઈ મણિલાલ સાવલા – રૂા.૮૦૦૦.૦૦, અમિષા રાજેશ વોરા હઃ કાંતીલાલ ધરોડ – રૂા. ૧૦૦૦.૦૦, એક સદગ્રહસ્થ તરફથી – રૂા. ૧૦૦૦.૦૦

# સાધન સામગ્રી સમિતિ

સંચાલક : મણીલાલ રામજી ધરોડ
૯૩૯૧૦૦૨૬૬૯

મારા ઉપર વિશ્વાસ રાખી સાધન સામગ્રી સમિતી મને સંભાળવા આપી એ માટે કમિટીનો આભાર.

શ્રી કચ્છી મિત્ર મંડળના મેમ્બરો તથા ભાઈ બહેનો જે હમેશા મારા ઉપર વિશ્વાસ રાખી સહકાર આપે છે. એ બદલ બધા નો આભાર.

જય જીનેન્દ્ર

## DONATE EYES - LIVE TWICE


Pick up & Drop

**CHERIAN NATIONAL**
**Motor Driving School** (ESTD. 1962)

CONTACT : 5-9-169/4, Nampally, Chapel Road, Hyderabad **Cell : 98495 84518**

(જા.ખ.૬-૨૦૧૬)

# શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદરાબાદ (સિટી) જીનેશ્વરધામ કાચીગુડા મધ્યે પ.પૂ. સાધ્વી શ્રી સંયમગુણાશ્રી મ.સા.નો ભવ્યાતિ ભવ્ય ચાતુર્માસ મંગલ પ્રવેશ.

















(જા.પ્ર.)

# સંસ્થા સમાચાર

**શ્રી અચલગચ્છ જૈન સંઘ, હૈદરાબાદ (સિટી), જિનેશ્વરધામ, કાચીગુડા**

રવિવાર તા. ૨૫-૬-૨૦૧૭ ને સંવત ૨૦૭૩ કચ્છી નૂતન વર્ષ અષાડી બીજના શુભ દિવસે પ.પૂ.સા. શ્રી સંયમગુણાશ્રીજી મ.સા. પૂ. ખંતિગુણાશ્રીજી મ.સા. નો ભવ્ય ચાતુર્માસ મંગલ પ્રવેશ સંઘના આંગણે થતા સમસ્ત શ્રી સંઘમાં અનેરો ઉલ્લાસ છવાયો હતો. સવારે ૮.૩૦ કલાકે સંઘના ભૂતપૂર્વ મેનેજીંગ ટ્રસ્ટી સ્વ.મણીકાંતભાઈ મેઘજી મોમાયાના નિવાસસ્થાને શ્રીમતી લતાબેન મણીકાંત મોમાયા પરિવાર દ્વારા શ્રી સંઘની નવકારશીના આયોજન બાદ સાધર્મિકોની વિશાળ સંખ્યા સાથે પૂજ્યશ્રીની પ્રવેશ યાત્રાનો વાજતે-ગાજતે આરંભ થયો હતો.

સંઘના ટ્રસ્ટી શ્રી હેમાંગભાઈ મણીકાંતભાઈ મોમાયાએ ઉછામણી દરમ્યાન ચાતુર્માસે સંઘપતિ તરીકે પોતાના પિતાશ્રીની યાદમાં માતા શ્રીમતી લતાબેન મણીકાંતભાઈ મોમાયા (કચ્છ-વરાડીયા)ના નામે લાભ લેતા શ્રી સંઘમાં હર્ષની લાગણી પ્રસરી ગઈ હતી. ચાતુર્માસ સંઘપતિ પરિવારના શ્રીમતી લતાબેન મોમાયા અને શ્રી હેમાંગભાઈ મોમાયાનું સંઘ વતી બહુમાન કરવામાં આવ્યું હતું.

ચાતુર્માસ દરમ્યાન પૂજ્યશ્રી દ્વારા વાંચન કરવામાં આવનાર ઉતરાધ્યયન સૂત્ર વહોરાવવાનો લાભ માતુશ્રી રાજબાઈ પદમશી મોતા, કચ્છ કુવાપધર પરિવાર અને શ્રી જૈન રામાયણ ચરિત્ર વહોરાવવાનો લાભ શ્રી દામજીભાઈ જીવરાજ નાગડા પરિવારે લીધો હતો.

સન્ ૨૦૦૧માં શ્રી જિનાલયની પ્રતિષ્ઠામાં તેમની હાજરી બાદ ફરી એક વાર સંઘની વિનંતીને માન આપી ઉગ્ર વિહાર કરી તેઓશ્રી ચાતુર્માસે પધાર્યા છે. તેમની નિશ્રામાં ચાતુર્માસ દરમ્યાન અનેક વિધ તપ-જપ-આરાધનાથી સંઘમાં ચેતનાનો સંચાર થશે તેવી ભાવના સૌએ ભાવિ હતી.

પ્રવેશ દરમ્યાન મુંબઈના અનેક પરાઓ, ઉપરાંત સાંગલી વગેરેથી સંઘ અને પૂજ્યશ્રીના સંસારીઓ પધાર્યા હતા, જેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.


**BEON NATURE CURES BETTER**

Ayurvedic Medicine for Heart and Diabetes no colour no side effects.
Apple Cidar Vinegar : **For Diabetes and Piles, Asthma, Menopause, Kidney Stone, Arthritis (500 ml Bottle)**
Made of Apple Cider Vinegar and Honey (Rs. 520)
Contact : Sachin Nagda 99852 08414
(જા.ખ.)

Advertising - Designing - Printing - Flex Banners, Computerised Horoscope, Kundli Match Making, in Hindi, Gujrati, Telugu & English LanguagE., Advertisements in Leading News papers, For Bulk SMS, Multi Colour Stickers for Marriage
LOGO Designing, Broucher & Souvenir Priting



**CHANDRAPRABHA GRAPHICS**
Paras Ramesh Jagirdar 66680780, 40047999

**TUITIONS FOR LKG TO X CLASS STUDENTS**

at Flat No. 3C, Kanaka Durga Apartment, Lane Beside Venkataramana Theatre,
Near Jain Temple, Kachiguda, Hyderabad-500 027.
TORAL RIDESH JAGIRDAR, Ph : 99592 55557, 040-4002 0444
(જા.ખ.)

Krazy cups

Scoops ICE CREAM

Shivam Road, Opp: Petrol Pump, Next to Filmy Tadka Restaurant
Contact: Kalpesh Devraj Savla Ph: 9182083243

**100% Pure Veg**

**Our mouth watering Specialties !**






Happy Hours
Wed: 1Pm - 4 Pm

Planning a party?
We take cake, Ice cream and eatary orders !!!
You can also use our facility to celebrate your birthday or any other special occasion.





## 'કચ્છ શક્તિ' એવોર્ડથી સન્માનિત થવા બદલ શ્રી સુશીલભાઈ કાપડિયાને અંતરના અભિનંદન...



'કચ્છ શકિત એવોર્ડ' પ્રાપ્ત કરવા બદલ આપને હાર્દિક અભિનંદન. આપના આ સમ્માને ફક્ત હૈદરાબાદ જ નહીં, પરંતુ સમસ્ત દક્ષિણ ભારતમાં વસતા કચ્છી માડુઓને ગૌરવ અપાવ્યું છે. આપે વ્યવસાયિક સફળતાઓની સાથોસાથ આપના સમાજસેવાના કાર્યોની દિવ્ય જ્યોત વડે પરિવારની સાથેસાથે શ્રી કચ્છી મિત્ર મંડળનું નામ દીપાવ્યું છે. આપશ્રીના દાદા શ્રી ટોકરશીભાઈ કાપડિયા અને પિતા શ્રી ધીરજલાલભાઈ કાપડિયા પણ 'કચ્છ શક્તિ એવોર્ડ'થી સમ્માનિત થઈ ચૂક્યા છે. ત્યારે હવે એક જ પરિવારની ત્રીજી પેઢીનું આવું અદકેરૂં સમ્માન એ વિરલ અને ઐતિહાસિક ઘટના છે. આપ સરીખા ઉદારદિલ, મિલનસાર અને સરળ હૃદયી કચ્છી માડુના આ સન્માનથી અમો સહુ આનંદિત થયા છીએ. આપ ઉત્તરોત્તર સિદ્ધિ અને પ્રગતિના સોપાનો સર કરતા રહો તેવી ભાવભરી શુભેચ્છાઓ સહ ખૂબ-ખૂબ અભિનંદન...

## શ્રી કચ્છી મિત્ર મંડળ, હૈદરાબાદ


ટ્રસ્ટ બોર્ડ (વર્ષ ૨૦૧૭-૨૦૨૧) :

મેનેજીંગ ટ્રસ્ટી : **શ્રી સુશીલ ધીરજલાલ કાપડિયા**

**શ્રી ધનજી લખમશી સાવલા, શ્રી દામજી જીવરાજ નાગડા, શ્રી નીતિન શિવજી ધરોડ, શ્રી વિજય દામજી નાગડા, શ્રીમતી નિશાબેન નીતિન ધરોડ, શ્રી કીર્તિકુમાર ટોકરશી કાપડિયા, શ્રી સુરેશચંદ્ર હીરજી ગોસર, શ્રી પોપટલાલ ભાણજી ગડા, શ્રીમતી લીલમબેન ધીરજલાલ કાપડિયા, શ્રી હરીલાલ વેલજી નીસર, શ્રી શશીકાંત દામજી નાગડા, શ્રી હેમાંગ મણીકાંત મોમાયા, શ્રી શાંતિલાલ ખીમજી મામણિયા, શ્રી પ્રફુલ રતનશી ગોગરી, શ્રી અમૃતલાલ ભાણજી નીસર, શ્રીમતી શ્વેતા અમિત ઝવેરી, શ્રી હરીલાલ ભીમશી સાવલા, શ્રીમતી વિજયાબેન કીર્તિકુમાર કાપડિયા, શ્રી શાંતિલાલ વાલજી મારૂ, શ્રી પ્રદીપ કેશવલાલ સંઘવી, શ્રી રમેશ મણીલાલ શાહ.**

### કારોબારી સમિતિ (વર્ષ ૨૦૧૭–૨૦૧૯) :

**પ્રમુખ : શ્રી કીર્તિકુમાર ટોકરશીભાઈ કાપડિયા, ઉપપ્રમુખ : શ્રી સુરેશચંદ્ર હીરજી ગોસર, માનદ્ મંત્રી : શ્રી પંકજભાઈ હીરજી સાવલા, સહમંત્રી : શ્રી હેમાંગભાઈ મણીકાંત મોમાયા, ખજાનચી : શ્રી પ્રેમચંદભાઈ કેશવજી છેડા, સહ ખજાનચી : શ્રી જયંતભાઈ ખીમજી ગડા, શ્રીમતી વાસંતીબેન અરવિંદભી શાહ, શ્રી મણીલાલભાઈ રામજીભાઈ ધરોડ, શ્રી સુશીલભાઈ ધીજરલાલ કાપડિયા, શ્રીમતી દર્શનાબેન દિનેશ દેઢિયા, શ્રી દિર્ગેશ હીરજીભાઈ નીસર, શ્રી પ્રતાપભાઈ જીલુભા જાડેજા, શ્રી કેશવજીભાઈ પ્રેમજીભાઈ છેડા, શ્રી રાજીવભાઈ ખીમજીભાઈ મામણીયા, શ્રીમતી દર્શનાબેન પંકિત સાવલા,**


**અને મંડળના સર્વે સભ્યો તરફથી ખૂબ–ખૂબ અભિનંદન...**

# Manav Kalyan Seva Samiti

Jain Mandir Lane, Behind Bank of India,
Kachiguda. Hyderabad-500 027. Ph : 040-27557711

## Charitable Clinic

### DOCTORS ON PANEL

• ALLOPATHY • HOMEOPATHY • CARDIOLOGIST
• GYNAECOLOGIST • CHILDREN SPECIALIST

**REGISTRATION FEES Rs. 10/- ONLY**
**Including Doctor Consultation & Medicines for 2 Days**

### ALLOPATHY

**Dr. Chandrakant Ranade**
MBBS,
Daily
**9.00 AM to 11.00 AM**
**7.00 PM to 9.00 PM**

### HOMEOPATHY

**Dr. Smt. C. Roshna**
BHMS, DNHE,
Daily
**11.30 AM to 1.30 PM**

### ALLOPATHY

**Dr. K. Devaraj**
MBBS,
Pulmonologist &
General Physician.
**Daily 4.00 PM to 6.00 PM**

## Specialist Doctors

### CARDIOLOGIST

**Dr. PANKAJ JARIWALA**
MD, DNB,
EVERY **FRIDAY**
(on Prior Appointment Only)
5 To 6 Patients Only
**8.00 PM to 9.00 PM**
Fees Rs.100/- Per Visit
(Non Refundable)

### GYNAECOLOGIST

**Dr. Anisha Gala**
DGO, DNB,
EVERY
2nd & 4th **THURSDAY**
(on Prior Appointment Only)
5 To 6 Patients Only
**3.00 PM to 4.00 PM**
Fees Rs.50/- Per Visit
(Non Refundable)

### CHILDREN SPECIALIST

**Dr. Smt. S.V. Bhole**
MBBS, BCH,
EVERY **SATURDAY**
**9.30 AM to 10.30 AM**
Fees Rs.10/- Per Visit

(જા.ખ.)

# વિવિધા

## જૂની નાણાં રોકાણ સિસ્ટમ-ખતરાની ઘંટી

– દિનેશ કલ્યાણજી ગોસર

ધર્મનો સંપૂર્ણ પાયો વિશ્વાસને આધારિત છે. ધર્મ વિશ્વાસથી વધે છે તેમ રોજિંદો વ્યવહાર વિશ્વાસને આધિન છે. વટ, વચન અને વીરોંની ભૂમિ પર લાખો-કરોડોના વ્યવહાર ફક્ત વચન પર ચાલે છે. કચ્છી સમાજમાં મોટા ભાગે વ્યવહાર વચન આધારિત ચાલે છે. ખાસ કરીને નાણાંકીય વ્યવહાર માટે કચ્છી સમાજની શાખ ખૂબજ ઊજળી રહી છે, પરંતુ છેલ્લા થોડા વખતમાં એના પર ડાઘ લાગવાની શરૂઆત થઈ રહેલી દેખાય છે.

સમગ્ર સમાજનો વ્યવહાર એક નંબર અને બે નંબર પર આધારિત છે. છેલ્લા પચાસ-સાઠ વર્ષોનો જો વિચાર કરીએ તો કચ્છી સમાજની ગૌરવશાળી પ્રગતિની પાછળ નાણંકીય અર્થ વ્યવસ્થા અને નાણાં દલાલો તેમજ વ્યાજ પર મળતી મૂડીને જાય છે. નાનાથી મોટા સ્ટેટસ વાળી વ્યક્તિઓની આર્થિક જરૂરિયાત આ નાણાંના વ્યવહારોથી પૂરી થાય છે. ધંધાનું વિસ્તરણ કરવા, ઘર ખરીદવા, લગ્ન પ્રસંગો ઉજવવા કે માદંગી જેવા પ્રસંગો માટે મૂડી વ્યાજૂકા પૈસા દ્વારા સરળતાથી મળી રહે છે. એમાં સમય કે મૂદત બાદ વ્યાજ અથવા મૂડીની પાછી સોંપણી થતી હોય છે. સમગ્ર સમાજની આર્થિક પારાશીશી આ રીતે ઊજળી બનતી હોય છે. આ બધી પ્રક્રિયામાં એક નવું તત્વ ઉમેરાયું હોયતો વધારે પ્રમાણમાં નાણાં દલાલો અને સમાજમા પૈસાની છત જેને લીધે સાહસિકોની નાણાંના પ્રવાહની હિંમતમાં વધારો જ્યારે અમૂક લેભાગુઓની પૈસા ભેગા કરવાની લાલચમાં લંપટાઈ પણ અત્યારે ઊંડાણમાં પ્રવેશી ચૂકી છે.

વડીલોના આર્થિક અનુભવના મત પ્રમાણે એક ભાગ પોતાના રૂપિયા સામે બે ભાગના રૂપિયા ઉધાર લઈને ધંધાનું સાહસ કરી શકાય ત્યારે કચ્છી સમાજ સેફ્ટી માટે બે ભાગ પોતાની મૂડી સામે એક ભાગ ઉધાર લઈને કાર્યો સંપન્ન કરતા. નાણાંની પ્રવાહિતામાં વધારો, સમાજમાં સધ્ધરતા, રૂપિયાની કિંમતમાં ઘસારો, બિલ્ડર લોબીનાં હેશિયત કરતા મોટા સાહસોએ મોટા પ્રમાણમાં રૂપિયાની જરૂરિયાત ઊભી થતાં વ્યાજના દર ઉપરાંત નાણાં દલાલના ચાર આના કમીશને મહત્વનો ભાગ ભજવવાનું શરૂ કર્યું. ચાર આનાની લાલચે, વધારે વ્યાજના ચક્કરમાં મોટી રકમો હેશિયત જોયા વિના એકજ પાર્ટીને અપાતી ગઈ, ઉપરાંત અમૂક કેસમાં નાના દલાલો ગેરંટીના નામે કે વધુ રૂપિયા અપાવવાના નામે ચાર આનાનો ગાળો રાખતા થયા. સલામતીની પરવા કર્યા વગર આંધળી દોટની શરૂઆત ક્યારે થઈ ગઈ કોઈને ખબર ન પડી. વિશ્વની અર્થ વ્યવસ્થામાં થયેલ ફેરફારો અને મંદીની અસરમાં ઘણાં સાહસિકો સપડાઈ ગયા. પગ નીચેની ચાદર ક્યારે ખેંચાઈ ગઈ ખબર ન પડી. આ ચક્કરમાં નાણાંના વ્યવહારો સુલઝાવવા ભારી પડી ગયા અને એમાંથી શરૂ થઈ ચાદર જેટલી સોડના બદલે સોડ જેટલી ચાદરના દિવસોની, જે નાણાંકીય ઊથલ પાથલ, અવિશ્વાસ અને હાથ ઊંચા કરવાની પ્રવૃત્તિઓની શરૂઆત થઈ ગઈ. આજે કેટલાક નામો બહાર આવ્યા અને ઘણાં આર.એ.સી. કે વેઈટીંગ લિસ્ટમાં કતારમાં ઉભા છે. આજે સમગ્ર સમાજમાં વાવાઝોડું ઝંઝાવાતની જેમ ફેલાઈ રહ્યું છે. કોને ખબર એ ક્યાં અટકશે ?

સમાજના દરેક વર્ગોની મૂડીનું જબરદસ્ત ધોવાણ નજરે પડી રહ્યું છે સાથે એક બીજા પ્રત્યેના

શ્રી સરસ્વતી માતાયે નમઃ

# દાદાણા અને નાનાણાનું ગૌરવ

ગામ દેવપુર અને ગામ નરેડી

ગામ દેવપુરના હાલે વિજય વાડા
હર્ષિતા હસમુખભાઈ ગોસર
સી.બી.એસ.ઈ.માં ૧૦/૧૦ માર્કસ
સાથે સીદ્ધી મેળવી છે.
સફળતા બદલ ખુબ ખુબ અભિનંદન.
દરેક પગલે સફળતાના શિખરો સર કરે
એજ અમારા શુભ આશીષ





લી.

નાનાણા (નરેડી)
નાનીમા - શ્રી મણીબેન ઉમરશી નાગડા,
મામા - સતીશ ઉમરશી નાગડા
મામી - ડો અનિશા સતીશ નાગડા
પ્યારીબેના - આરૂષી સતીશ નાગડા

દાદાણા (દેવપુર)
શ્રી મુલબાઈ હેમરાજ દેવજી ગોસર
મા-બાપા શીલ વસંતભાઈ હેમરાજ ગોસર
મા-બાપા ઉષા કાંતીલાલભાઈ હેમરાજ ગોસર
મમ્મી-પપ્પા જયા હસમુખભાઈ હેમરાજ ગોસર
લાડલીબેન લોકહીતા હસમુખભાઈ ગોસર

આ બધા વતીથી ખુબ ખુબ અભિનંદન

(જા.ખ.)

વિશ્વાસની ઘોર ખોદાઈ ગઈ છે. લીલા ભેગું સૂકું બળતા ઈમાનદારીની તબાહી ચાલુ થઈ ગઈ. આ પરિસ્થિતિમાં આજે સમાજમાં નાણાં ધીરનારાઓ અને લેનારાઓ માટે કપરો સમય ચાલી રહ્યો છે. રિયલ એસ્ટેટ, પ્રોપર્ટીઓ કે બિલ્ડર્સ લાઈનમાં જે ઊંચા વ્યાજે નાણાં અપાતા હતા ત્યાં ફૂગો બરાબર ફુટયો છે. વ્યાજની રકમ બેંક રેટ અથવા એક ટકે જેટલુંજ વ્યાજ આજે પરવડી શકે એનું ધ્યાન રાખી વ્યાજના દરો લેવાવા જોઈએ અગર ક્યાં પણ વધુ વ્યાજ આપવાની લાલચ અપાતી હોયતો શંકાની દ્રષ્ટિએજ જોવું રહ્યું. નાણાં લેનાર પાસે એક સાથે બધા જ ઉઘરાણી માટે આવી જાય તો એ વ્યક્તિના વ્યવહારો તહસ નહસ થઈ જાય, એટલે એનું ધ્યાન રાખી મુદત આપવી. નાણાં લેનારની પરિસ્થિતિનું અવલોકન કરતાં રહેવું, તેની આર્થિક આકારણી કરવી જેથી જોખમનાં પરિબળો ધ્યાનમાં આવતા જાય. લગભગ ઓછા દરે નાણાં ધીરનારને મૂડી ખોવાનો ચાન્સ ઓછો હોય છે, વધુ વ્યાજના ભારણથી અસલ મૂડીનું ધોવાણ થતું હોય છે તેનું ખાસ ધ્યાન રાખવું.

નાણાં લેનાર વ્યક્તિઓએ ગજા ઉપરાંતના સાહસ ન ખેડતા નાણાં લેવામાં પ્રમાણભાન જાળવવું જોઈએ. ખોટા ખર્ચાઓ પર કંટ્રોલ રાખી મૂડીની ચૂકવણી ઝડપથી થાય એ જોવું જોઈએ. સૌથી વધુ નાણાં દલાલની શાખ, આર્થિક સરળતા, ચોખ્ખાઈ અને ચોકસાઈ જેવા પરિબળોને ધ્યાનમાં રાખી વ્યવહાર કરવા જોઈએ. જૂના વખતમાં નાણાં દલાલો ખૂબજ ચોકસાઈ રાખી પૈસાનું ધિરાણ કરાવતા અને કદાચ પાર્ટી ખોટી થવાના કિસ્સાઓમાં પોતે પૈસા ભરી આપતા. આજે આર્થિક જોખમો વધતા તેમજ પૈસાના પ્રતમાં પ્રમાણમાં ખૂબજ વધારો થતાં નાણા દલાલો આવી જવાબદારી સ્વીકારવા પીછે હઠ કરી રહ્યા છે.

દર વર્ષે ધંધાની આવકોથી મૂડીમાં વધારો થતો જાય છે તદ્‌ઉપરાંત વ્યાજની આવેલી રકમો ઉમેરાતા નવા પૈસા લગાડવાની તકો ઉભી થાય છે. પોતાની બુદ્ધિ અથવા સલાહકારોની સહાયથી નાણાં રોકાણ માટે રસ્તાઓ શોધવા રહ્યા. નાણાં દલાલોએ પણ ચાર–આઠ આનાનો ગાળો ન રાખી પારદર્શક વ્યવહારમાં વળવું પડશે.

નાણાં વ્યવહાર કરતી વખતે લોકોએ જાગૃતતા કેળવવી પડશે. દેશમાં આર્થિક પરિવર્તનનો દોર ચાલી રહ્યો છે. બહૂજ જલ્દી બ્લેક મનીનું દૂષણ નીકળી જશે. પૈસાનો કલર બદલાઈ જવાની અણી પર છે. પૈસા હવે પછી શ્વેતજ રહેશે.

અત્યારે સમાજમાં ફેલાયેલા ઝંઝાવાત જલ્દીથી દૂર થાય અને વિશ્વાસના વહાણો ફરીથી શરૂ થાય એ માટે વ્યક્તિગત, વ્યક્તિ સમૂહ અને સંસ્થાઓએ સહિયારા પ્રયાસો કરવા પડશે. સમય સમયનું કામ કરશે પણ અત્યારે પડેલા આર્થિક ફટકાઓ અને ઘા રૂઝાતાં સમય લાગશે. સમાજની આર્થિક જરૂરિયાત જેના થકી ધંધાકીય વહેવારો સચવાય એ માટે ધ્યાન રાખવું પડશે. એકલવાયી રહેતી સ્ત્રીઓ, વિધવાઓ કે વડીલો જેમનું ભવિષ્ય જેમાં સમાયેલું છે એમના પૈસાનું હિત જળવાઈ રહે એ અત્યંત જરૂરી છે. ચાર આના ની કમાલ સમાજમાં ફરી ધમાલ ન કરી જાય એ ભાવના સાથે વિચારવા સિવાય કોઈ રસ્તો નથી. જય હિંદ





વૈદિક, જૈન પદ્ધતિથી લગ્ન વિધી, વાસ્તુ શાન્તિ, પિતૃદોષ, કાળસર્પ નિવારણ, સત્યનારાયણની પૂજા, રાંદલ (રન્નાદેવઈ) તેડવા, નડતા દરેક ગ્રહોની શાન્તિ, શ્રાધ્ધ, નાગ–નારાયણ બલી, દસમું, અગ્યારમું, બારમું, તેરમું વગેરે જન્મ કુંડી અને ફળાદેશ, આર્થિક, માનસિક, શારીરિક ચિંતાના પ્રશ્નો માટે સંપર્ક કરો

**વિજયકુમાર શુકલા** ફોન : ૨૪૪૧ ૪૯૦૩, ૯૩૯૧૨ ૩૩૪૦૮

ફોન કરો ત્યારે આપનો ફોન નંબર તેમજ સરનામું જરૂર આપશો

(જા. ખ.)

*You are beautifuL... we just compliment it !*

Air Brush & HD Make-up

abha
be gorgeous

Bridal Pre Bridal Services

SALOON & MAKE-UP STUDIO

by Bhavini Patel

Fresh Batch Starting from 1st March for

SELF GROOMING COURSE | PROFESSIONAL MAKE-UP COURSE | PROFESSIONAL HAIR STYLE COURSE

3-4-58/2, Lingampally. Opp. Raghavendra Temple, Kachiguda,
Hyderabad - 500 027. Ph : 99081 83870 E-mail : bhavinipatel.abha@gmail.com
Monday to Saturday 11.00 am to 8.00 pm - Sunday Closed

(જા.ખ.)

ALSO AVAILABLE BRIDAL JEWELLERY FOR RENT



R.S. BANDHANI HOUSE

**કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં**

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા.ખ.)

# जीवन के दो पंख - ज्ञान और कर्म

संकलन : हीरावंती कमल देढिया

*आकाश विशाल और व्यापक है, वह इतना विस्तृत है कि उसे नापा नहीं जा सकता । प्राचीन काल के पक्षीराज गरूड़ की पौराणिक कहानियां है कि वह आकाश की ऊँचाइयों को नापता लोकालोक पर्वत के शिखर तक जा पहुँचता है । प्रश्न है - कौनसी शक्ति पक्षी के पास है जिससे वह इतना ऊँचा उड़ सकता है ? उसके पास उसके दो सशक्त पंख है, जिसके बल पर वह आकाश में उड़ता चला जाता है ।*

*भगवान महावीर ने कहा था कि मानव के पास भी गरूड़ पक्षी की तरह दो पंख है - एक ज्ञान का पंख और दूसरा कर्म का पंख । इन दो पंखों के सहारे मानव जीवनकी ऊँचाइयोंको छू सकता है ।*

*कौरव और पांडवो के बीच चल रहे युध्ध के समय अर्जुन जब शस्त्र छोडकर हताश मन से बैठ गया तब श्री कृष्ण ने उसके मन को जागृत करने के लिए गीता का उपदेश दिया । उसे सुननेवाले पाँच श्रोता थे - एक अर्जुन और दूसरे चार श्रोता थे रथ में जुते हुए चार घोडे । घोडे भी गीता सुनते रहे परंतु गीता के श्रवण से कर्तव्य बोध, आत्मज्ञान सिर्फ अर्जुन को ही हुआ न ? घोडे गीता के मर्म को न समज पाए अर्थात पशु-योनी में कर्म तो है पर साथ में ज्ञान की, विवेक की आँख ही नहीं । इस सृष्टि में एक मात्र मानव ही ऐसा अद्‌भुत प्राणी है, जिसके जीवन में ज्ञान भी है और कर्म भी है ।*

*महावीर अपनी दिव्य देशना में हमें समजातें है कि - उठो, जागो सर्व प्रथम अपने दोषो को (क्रोध, मान, माया, लोभ...) देखो, परखो, स्वयंको समजो और श्रेष्ठ ज्ञानी पुरुषोंके संपर्कमें रह कर आत्मज्ञानको प्राप्त करो । यह आत्मज्ञान हमें मार्ग दिखायेगा, पर चलना तो हमें खुदको ही पडेगा । रोज प्रात:काल की मंगल क्षणों में कर्म की प्रेरणा ले कर साक्षीभावसे कर्म करते जाना है ।*

*साक्षीभाव से अर्थात कोई एक व्यक्ति नाटक में राजा का रोल अदा कर रहा है, वह बहुत अच्छे से राजा के डायलोग बोल रहा है लेकिन मन में तो उसको मालुम है कि मैं कौन हुँ ? और ड्रामा खतम होते ही मुझे अपने घर जा कर खिचडी खाना है । उसी प्रकार इस संसार के रंगमंच पर हमें जो भी रोल मिला है उसे अच्छे से निभाना है और अपना कर्म करते समय हमें यह याद रखना है कि असल में मैं शुध्धात्मा ही हूँ और मुझे अपना कर्म समता भाव से (राग-द्वेष रहीत) पूरा करना है और अपने घर (मोक्ष में) जाना है । यही है आत्मज्ञान ।*

*श्री कृष्ण ने अर्जुन को यही ज्ञान दिया था जिससे कर्म करते हुए भी अकर्म दशा होती है । नये कर्म बंधते नहीं है । अर्जुन लडाई करके भी मोक्ष में गया । चक्रवर्ती राजा भरत को भी यही ज्ञान मिला था । विशाल राजमहेल में राणीओं के साथ, जल में कमल की तरह निर्लेप्तासे रहते थे । एक बार अंगुठी फिसल कर गिर जाती है, ऊंगली की तरफ द्रष्टि गई - अगली शोभा खो चूकी थी - मन ने मोड लिया - एक के बाद एक अंगुठी उतारते गये और देखते गये कि सुंदरता किसकी थी ? शरीर की थी या आभुषणों की थी ? यह पुद्‌गल का सौंदर्य क्षणिक है । तेरी सुंदरता तो कोई ओर है - इन्ही भावों में अंदर में प्रवेश करते चले गये और मोक्ष को पा लिया ।*

*भगवान महावीर हमें संदेश देते है किं तुम भी ज्ञान और कर्म के सशक्त पंखों से उडान भरो - सब बंधनों को तोडकर मुक्त हो सकते हो । मुक्ति कहीं बाहर में नहीं है तुम्हारे अंदर ही है - तुम्हे सब कुछ प्राप्त होगा ।*

*प्राप्त होगा क्या, प्राप्त ही है ।*

# Yummy Tummy
## Dosa Plaza

**All Varieties of Dosa's Available Like**

**Mumbai Famous Special Dosa's Made on Coal Stove**

- Mysore Masala
- Chinese Chopsey
- Schezwan
- Dilkush
- Jini
- Paneer Chilly
- Manchurian
- Noodles

*"and many more delicious options"*

- ★ Hygienic
- ★ Good Quality
- ★ Delicious &
- ★ Pure Vegetarian

*Jain Dosa's* Available

Shop No. 4-4-930/A, Ground Floor, Opp. H.V.S. High School, Kanda Swamy Lane, Hanuman Tekdi, Sultan Bazar, Hyderabad - 500 095, Telangana, India

**Chintan Shah**
**Cell: 9985098895**

**Timings : 6.30 am to 10.00 pm**

Find us on fb@facebook.com/yummy.tummy.dosa

(જા.ખ.)

# સ્વાસ્થ્યનો સાથીદાર–ગોળ

**સંકલન – પંકજ વલ્લભજી સાવલા**

ગોળ રાસાયણિક તત્ત્વોથી ભરપૂર હોય છે. એમાં પ્રોટીન, વિટામિન, ખનિજ લવણ, કાર્બોહાઈડ્રેટ તથા ચરબી બધું જ હોય છે. એમાં વિટામિન–એ, બી તથા સી પર્યાપ્ત માત્રામાં હોય છે. એમાં મેંગેનીઝ, મેગ્નેશિયમ, કેલ્શિયમ તથા ફોસ્ફરસ હોય છે. આયુર્વેદમાં ગોળને રક્ત–પિત્તનાશક, બળકારક, વીર્યવર્ધક, મૂત્રકારક ગણ્યો છે. કેટલીક બીમારીઓમાં જૂનો ગોળ અધિક લાભકારક ગણાવાયો છે. એ દૃષ્ટિએ ત્રણ વર્ષ જૂનો ગોળ શ્રેષ્ઠ છે.

- ✦ ઘી–ગોળ ભેગાં કરીને ખાવાથી શરીર બળદાયી બને છે અને માંસપેશીઓ પુષ્ટ બને છે.
- ✦ ગોળનું નિયમિત સેવન કરવાથી વૃદ્ધાવસ્થા મોડી આવે છે. ચહેરા પર કરચલીઓ પડતી નથી અને જો હોય તો ધીમેધીમે સાફ થઈ જાય છે.
- ✦ જો અમ્લપિત્તની ફરિયાદ હોય તો ૨૫ ગ્રામ ગોળમાં ૫ ગ્રામ હરડે ચૂર્ણ તથા ૧ ચમચી મધ મેળવીને રાત્રે સુતી વખતે લો.
- ✦ જો વાત રોગોથી પીડિત હોવ તો ગોળની સાથે સૂંઠનું સેવન ફાયદાકારક બને છે.
- ✦ લોહીની ઊણપથી છુટકારો મેળવવા માટે ગોળનું સેવન કરો, એનાથી માત્રા વધે છે.
- ✦ ગોળ બાળકોના સંતુલિત શારીરિક અને માનસિક વિકાસ માટે ખૂબ આવશ્યક છે.
- ✦ જો પેટમાં કીટાણુ થઈ ગયા હોય તો ૨૫ ગ્રામ ગોળની સાથે ૩ ગ્રામ અજવાઈન ચૂર્ણનું ૩ દિવસ સુધી સેવન કરો. કીટાણુઓ મળની સાથે બહાર નીકળી જશે.
- ✦ જે લોકોને કબજિયાતની ફરિયાદ હોય, તેઓએ ગોળનું સેવન અવશ્ય કરવું જોઈએ.
- ✦ જો કફ વધુ બનતો હોય તો ગોળની સાથે આદુંનું સેવન કરવું જોઈએ.
- ✦ જો પિત્તની ફરિયાદ હોય તો હરડેની સાથે ગોળનું સેવન કરવું જોઈએ.
- ✦ ગોળમાં પથરીને ઓગાળવાની ક્ષમતા છે, ૧૫ ગ્રામ વરણાની છાલના કાઢા (કાવા)માં ૨૫ ગ્રામ ગોળ ભેળવીને રોજ ચાર અઠવાડિયા સુધી સેવન કરો.
- ✦ જો પેટમાં દર્દ સતાવતું હોય, તો ગોળમાં થોડું પીસેલું લાલ મરચું ભેળવીને ખાવ.
- ✦ જો સાંધાના દુખાવાથી પરેશાન હોવ તો ૧૦૦ ગ્રામ ગોળમાં ૫૦ ગ્રામ આમળાનું ચૂર્ણ મેળવીને ૫–૫ ગ્રામની ગોળીઓ બનાવી લો તથા દિવસમાં ત્રણ વાર એક એક ગોળી પાણીની સાથે લો.
- ✦ પ્રસવની પછી કમર દુઃખે તો ગોળમાં અજમો મેળવીને સેવન કરો.
- ✦ ગોળમાં થાક મટાડવાની અદ્‌ભુત ક્ષમતા છે. ખેલાડી હોય કે શાળાનાં બાળકો, જ્યારે પણ તમે તમને થાકેલા–હારેલા અનુભવો ગોળ ખાવ.



પરિચયથી
પરિણય
સુધી સફરના સાથી
એટલે
asanjoKUTCH
First Ever Kutchhi Digital E-directory
ની એક માત્ર મેટ્રીમોનીયલ વેબસાઈટ
'અસાંજો કચ્છ' ની ખાસ વિશેષતાઓ
ફક્ત કચ્છી સમાજ માટેની સૌથી મોટી મેટ્રીમોનીયલ વેબસાઇટ
૫૦૦૦ થી પણ વધુ શિક્ષિત પાત્રોમાંથી પસંદગી
૧૦૦% ચકાસણી કર્યા બાદ સ્વીકારાયેલ બાયોડેટા
ફ્રી રજીસ્ટ્રેશન
સૌથી વધુ સક્સેસ રેટ
આજે જ રજીસ્ટર કરો...
www.matrimony.asanjokutch.com
Email : matrimony@asanjokutch.com | Phone : 022-29674007/8/09

- ડાયાબિટીસના રોગીઓએ ગોળનું સેવન ન કરવું જોઈએ.
- શિયાળામાં ગોળનું સેવન અધિક લાભદાયક રહે છે. શિયાળામાં ગોળ-તલના લાડુનું સેવન લાભદાયક રહે છે.
- ગોળનું સેવન રક્તવિકારોને દૂર કરીને રક્તને શુદ્ધ કરે છે અને ખીલ-ફોડકીઓથી છુટકારો મળે છે.
- ગોળ મૂત્ર સંબંધી અનેક રોગોમાં લાભપ્રદ છે. એના સેવનથી મૂત્રપ્રવાહની રૂકાવટ દૂર થાય છે.
- ગોળનું સેવન બ્લડપ્રેશરને સામાન્ય બનાવી રાખવામાં મદદગાર થાય છે. દરરોજ દસ ગ્રામ ગોળનું સેવન એ માટે કાફી છે.
- માઈગ્રેનમાંથી મુક્તિ મેળવવા માટે સવારે સૂર્યોદય પહેલાં તથા રાત્રે સૂતી વખતે ૧૦-૧૦ ગ્રામ ગોળનું સેવન કરવું જોઈએ.
- દમની ફરિયાદ હોય તો ૧૦ ગ્રામ ગોળમાં એટલું જ સરસિયાનું તેલ મેળવીને સેવન કરવું જોઈએ.
- જો બાળકો રાત્રે પથારી ભીની કરતાં હોય તો કાળા તલ અને ગોળના લાડુ બનાવીને સેવન કરાવવાથી લાભ મળે છે.

## मेरे दादा की रामप्यारी

*मेरे दादा की रामप्यारी,*
*है उनको मुझसे भी प्यारी,*
*कभी तो सरपट सरपट ऐसे भागे,*
*जैसे पीछे पडा हो जंगल का राजा,*
*कभी तो ऐसे अड जाती मानो अडीयल भैंस*
*और कभी तो ऐसे मुँह फुलाये बैठे,*
*जैसे याद आ गयी हो नानी,*
*जब तब मायके जाने की रट लगाती*
*अपने मेकेनीक पापा से मिलकर*
*जल्दी ही वापस घर लौट आती*
*मुझे और दादीको पूरा शहर घुमाती*
*करवा देती हमारे सब काम फटाफट*
*खुब सताती फिर भी भाती*
*क्या आपको पता है कौन है वो ?*
*अरे वो तो है मेरे दादा की मारूती 800*
*जो लगती है मुझको भी प्यारी*
*जिहान मेहुल हरिया (चंदन एच. हरिया)*

## : જાણવા જેવું :

## વિમાન ભાડામાં છૂટ

એર ઈન્ડિયામાં હવે સિનિયર સિટીઝન વય ૬૦ વર્ષ અને તે ઉપરના નાગરિકને ઘરેલુ પ્રવાસ માટે બેસિક ભાડામાં ૫૦ ટકા સુધી છૂટ આપવામાં આવી છે. આ છૂટ ફક્ત ભારતીય નાગરિકને જ આપવામાં આવે છે. આ છૂટ લેવા માટે આઈ.ડી.પ્રુફ જરૂરી છે.

## શ્રીમદ્ રાજચંદ્રજી

શ્રીમદ્ રાજચંદ્રજીની ૧૫૦ મી જન્મ જયંતિ નિમિત્તે ઈંડિયન પોસ્ટલ ડિપાર્ટમેન્ટે રૂા. ૫ ની ટપાલ ટિકિટ તેમજ કવર બહાર પાડેલ છે. તેનું વિમોચન આપણા દેશના પ્રધાનમંત્રી માનનીય નરેન્દ્ર મોદીજી હસ્તક ૨૪ મી જુનના સાબરમતી, અમદાવાદ ખાતે કરેલ.

## અનુમોદના



## શ્રી સિધ્ધાચલ નવ્વાણુ યાત્રા–આત્મીય કલ્યાણ મિત્રો *પ્રણામ...*

આપને જણાવતા અત્યંત આનંદ થાય છે કે પરમ કૃપાળુ દાદા શ્રી ઋષભદેવના પગલે પગલે SSC ના ઉનાળા વેકેશનને સાર્થક કરવા, ગામ અંજાર, હાલે હૈદ્રાબાદના **સૌ. સુધાબેન શાંતિભાઈ વોરા**ની પૌત્રી–પૌત્ર **સૌ. ભાવિકાબેન વિજયભાઈ**ની લાડલી **કુ. નિમીષા** (ઉ.વ. ૧૬) તથા કુળદિપક **ચી. નમન** (ઉ.વ. ૧૪) બાલ્યાવસ્થાએ સોરઠ દેશના સૌંદર્ય સમા સિધ્ધશિલાનો વિઝા બક્ષતા, શ્રી સિધ્ધાચલજી તીર્થની ૯૯ યાત્રા શ્રી દેવગુરૂ ધર્મના પસાયે અને સ્નેહી સ્વજનોના આશીર્વાદથી નિર્વિઘ્ને પરિપુર્ણ કરેલ છે.

***જય અદિનાથ – જય ગિરિરાજ***

(જા.ખ.)


*CA. Dipti Chheda's*

# CONCEPT CLASSES

- ▶ IPCC Group - 1 Batch for Nov. 2017 Starting on 26-7-2017
- ▶ Only Test series with weekly paper Discussions from 1-8-2017
- ▶ IPCC Group - 2 Batch for Nov 2017 Starting on 8-8-2017
- ▶ Special batch for CA Final GST & ICDS for Nov. 2017 Exam. From 24-7-2017
- → Daily home work checking.
- → Weekly chapter wise class test with detailed suggested answers.
- → 25 students per batch in first come first basis.
- → Booster test series before exam with corrected paper discussion & suggested answers.
- → Library facility available.
- → Reading room facility available.

Address : Concept classes, opp. Agra sweets, Nallakunta OU Road, Next to telangana, Grameen bank, Hyderabad. **Contact : 93943 93770, 81213 82124**

FOR UPDATES JOIN DIPTI CHHEDA'S CONCEPT CLASSES PAGE

CONCEPTUAL TEACHING - A WAY TOWARDS EXCELLENCE

**Way to new CA Syllabus - Seminar on 23-7-2017 @ 10.30 pm**

(જા.ખ.)

# ITS A QUIZ TIME
..?! ..?! ..?! ..?!

Ramesh M. Shah
M : 94409 96652



The Answer for the last month's quiz is :-
**"NOTHING"**

The persons who have given correct answers are :

- Aaditya Prasanth Gajra
- Bhoomika Sawla
- Chaitali Shah
- Dipti Atul Sayla
- Dhrupti Himeshkumar Dodhia
- Femi Gada
- Geeta Hanskumar Shah
- Hiten Sanghoi
- Heena Vijay Dedhia
- Harsh Parekh
- Jenis M. Gala
- Jyoti L. Nagda
- Khush Kailash Chedda
- Kkshitij Ansul Kapadia
- Mehak Dand
- Mohit Hiten Dedhia
- Mayank Ajay Pasad
- Mittal Piyush Shah
- Nirali Shah
- Neev Mehul Furia
- Rupal Haresh Savla
- Rahul D. Shah
- Riddhi Chawda
- Samayik
- Sonal Piyush Gosar
- Sushma M. Shah
- Trushali Sanjay Lalka
- Vinod J. Shah
- Vaishali Hitesh Heniya

## QUIZ FOR THE MONTH :

नीचे दिखाये हुए पोषाक आपने कोनसे मुवी में देखे थे वो सोच के बताई ये ।




आप अपने जवाब SMS/Whatsup उपर बताये हुए मोबाईल नंबर पर भेज शकते हैं । या तो लिख कर मंडल के ओफिस में भी भेजा सकते हैं ।



"JAI MAHAVEER"

# "Naman Construction Solutions"

**We cater our services to all your water proofing needs such as :**

a) Leakage of Toilets & Bathrooms
b) Water Dripping from the terrace and side walls
c) Dampening of walls
d) Gathering of thick moss around the walls of your living and bedrooms.
e) Developing of cracks and small holes around your side walls and also terrace surface.

So before the situation gets bad to worse, please call on us to do the needful.

Our team of experts & efficient workers with NANO TECHNOLOGY PRODUCTS are awaiting your call.

Besides we undertake colouring assignments of Flats, offices, godowns and buildings old & new. Hence do not hesitate to call on us.

Contact : **VARDHAMAN SHAH,** 9885 341835

(જા.ખ.)

20 Days Medicine only Rs. 499/-

## AYURVEDIC (WEIGHT - LOSS) MEDICINE

Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.

- AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 350/-
- AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 350/-

Ph : 9395347264, 9392418463, 040-27564183

(જા.ખ.)

# SHOP FOR SALE

## OPP. SEENA HOTEL, NIZAM SHAHI ROAD

**Contact No. : 9392418463, 9347649457**

(જા.ખ.)



**દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :**

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ – ૫૦૦ ૦૯૫.

નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯

(જા.ખ.)

# શુદ્ધ ઘીની ઘરમાં બનાવેલ મિઠાઈ

**મગદરીયા લાડુ (પાંચ ધાન્યના)**
**ફીણીયા લાડુ**
**નાચણી (રાગી), ખજુર લાડુ (સુગર ફ્રી)**
**અલશી મખાના લાડુ (કેલશિયમ-વિટામીનથી ભરપુર)**
**ડ્રાયફ્રૂટ લાડુ (ઘઉંના)**
**ગોળ પાપડી**
**ગોળીયા લાડુ**
**અડદિયા પાક (શિયાળુ પાક)**
**કોકોનેટ બિસ્કીટ**
**સાંગલીના ભડંગ**
**શીંગદાણાની ચટણી**
**સિકંદરના ખારી સીંગ**
**સિકંદરના ચણા**
**ફાર્મા ગ્રેડ સ્પેશીયલ દવા માટેની હળદર**

---

***Contact***

**PRAVIN K. CHHEDA**

102, Uma Residency, Near Jineshwardham,
Kachiguda, Hyderabad. (R) Ph : 2755 2939

PRAVIN CHHEDA - 89857 59320

PREMILA CHHEDA - 90146 66932

(જા.ખ.)

---

ઘરની બનાવેલ તલની ચિક્કી, શિંગદાણાની ચિક્કી, ફરસી પુરી, ચકરી, સેવ ઈત્યાદી ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે.

**નીતા વીરા,** બડીચાવડી, હૈદરાબાદ. મો. ૮૧૦૬૫૭૬૮૮૦

# શ્રી અચલગચ્છ જૈન સંઘ-હૈદરાબાદ (સિટી), જિનેશ્વરધામ

**સંવત ૨૦૭૩-સન્ ૨૦૧૭ ચાતુર્માસ શુભનિશ્રા : પ.પૂ.સા.શ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪**
**ચાતુર્માસ સંઘપતિ શ્રીમતી લતાબેન મણીકાંત મેઘજી મોમાયા પરિવાર,** કચ્છ વરાડીયા
**ચાતુર્માસ પર્યંત ચાલશે આરાધનાની હારમાળા - હોંશે હોંશે જોડાઈ તોડજો કર્મના તાળા**

## ચાતુર્માસની હાઈલાઈટ્સ

ચાતુર્માસ દરમ્યાન જિનવાણીનું પાન કરી જીવનમાં ટર્નિંગ પોઈન્ટ લાવવા માટે તમે જીવન બાગમાંથી સદ્ગુણોનો સંચય કરનાર **સીલેક્ટર** બનો. તપ-જપ આદિ ધર્મક્રિયાઓના અનુષ્ઠાન દ્વારા પુણ્યના **કલેક્ટર** બનો. માયા-મમતા રૂપ જમીનને તોડતા **ટ્રેક્ટર** બનો. જૈન શાસનના માનનીય **ડાયરેક્ટર** બનો.

**જિનવાણી તો એવું પાણી, પાપો સર્વે લઈ જાય તાણી, શાને ચૂકો આવી લ્હાણી, સુણી સુધારો જીવન કહાણી**

**શરૂઆત : અષાઢ વદ-૨, સોમવાર, તા. ૧૦-૭-૨૦૧૭, સવારે ૯.૦૦ થી ૧૦.૦૦**

---

**ઉત્તરાધ્યયન સૂત્ર**

(ભગવાન મહાવીર સ્વામીની અંતિમ દેશના)

સુત્ર વહોરાવવાના લાભાર્થી પરિવાર **માતુશ્રી રાજબાઈ પદમશી મોતા,**

હસ્તે અ.સૌ. લતાબેન દીલીપ મોતા, અ.સૌ. ગ્રીષ્માબેન ગીરીશ મોતા, ગામ કુઆપધર-કચ્છ.

**શ્રી જૈન રામાયણ ચરિત્ર**

ચરિત્ર વહોરાવવાના લાભાર્થી પરિવાર **માતુશ્રી હીરાબાઈ દામજી જીવરાજ નાગડા,** કચ્છ-વરંડી મોટી

---

**તપ એ સિદ્ધિગતિમાં જવા માટેનો એક્સપ્રેસ હાઈવે છે**

**અષાઢ સુદ ૧૩, ગુરૂવાર તા. ૬-૭-૨૦૧૭ થી આયંબિલ અભિયાનની શરૂઆત**

**સમુહમાં ૧૦૦ ઓળી કરી ષટ્રસ વિગઈનું કરીએ વિસર્જન**

**આયંબિલ તપના અભિયાનમાં જોડાઈ કરીશું પુણ્ય ઉપાર્જન**

૨૭, ૫૪, ૮૧, ૧૦૮ આયંબિલ ફેમિલિ સહ અથવા પોતે એકલા જોડાઈ જજો.

**ચોમાસી છટ્ઠ અષાઢ સુદ ૧૪-૧૫ શુક્ર-શનિવાર તા. ૭ અને ૮ જુલાઈ ૨૦૧૭**

**અદુ:ખ દર્શીતપ ૧૫ ઉપવાસ ૧૫ બ્યાસણાં**

---

**તપની શરૂઆત :**અષાઢ વદ-૨ તા.૧૦-૭-૨૦૧૭ થી શરૂ શ્રાવણ વદ-૧ તા.૮-૮-૨૦૧૭ ના પૂર્ણાહૂતિ.

---

**માસધર**

**ટીકડી, ટેબ્લેટ છોડો, અઠ્ઠમમાં મન જોડો**

શ્રાવણ સુદ ૫-૬ને નેમનાથ ભગવાનનો જન્મ-દીક્ષા કલ્યાણક આવે છે તેથી

**સમુહમાં અઠ્ઠમ તપ** : શ્રાવણ સુદ ૪-૫-૬, તા. ૨૭-૨૮-૨૯ જૉલાઈ ૨૦૧૭, ગુરૂ-શુક્ર-શનિ

---

**નીવીતપ** : શ્રાવણ સુદ ૮ સોમવાર તા. ૩૧-૭-૨૦૧૭ પાર્શ્વનાથ ભગવાન નિર્વાણ કલ્યાણક

---

**અક્ષયનિધિ-ચૌદપૂર્વ-સમવસરણ - ભાવે આરાધના કરી ઉતરશું ભવરણ**

શ્રાવણ વદ-૪ શુક્રવાર તા. ૧૧-૮-૨૦૧૭ થી તપની શરૂઆત થશે.

(જૈ. ખ.)

---

**૧૬ બુધવારીય આરાધનાની આવી રૂડી તક, જોડાશો તો થાશે પુણ્ય જોળી છલક છલક**

અષાઢ સુદ-૧૨ બુધવાર તા. ૫-૭-૨૦૧૭ થી સમુહ પ્રભુભક્તિ સહ આરાધના કરાવવામાં આવશે.

## દર રવિવારે જાહેર પ્રવચન તથા અનુષ્ઠાન

☛ અષાઢ વદ ૮, રવિવાર તા. ૧૬–૭–૨૦૧૭ જાહેર પ્રવચન : **જીવન વૈભવ,** ☛ અષાઢ વદ અમાસ, રવિવાર તા. ૨૩–૭–૨૦૧૭ : **નવકાર અનુષ્ઠાન,** ☛ શ્રાવણ સુદ ૭, રવિવાર તા. ૩૦–૭–૨૦૧૭ : **જાહેર પ્રવચન જૈનોની કુળદેવી જીવદયા,** ☛ શ્રાવણ સુદ ૧૪ રવિવાર તા. ૬–૮–૨૦૧૭ **વર્ધમાન શક્રસ્તવ અભિષેક**

શ્રાવણ વદ ૬ રવિવાર તા. ૧૩–૮–૨૦૧૭ જાહેર પ્રવચન

**શ્રાવણ વદ ૭ સોમવાર તા. ૧૪–૮–૨૦૧૭**

શ્રી શાંતિનાથ ભગવાનનું ચ્યવન કલ્યાણક નિમિત્તે સ્નાત્ર મહામહોત્સવ

## સંસ્કારોનું ઘડતર, સદ્‌ગુણોનું ચણતર, એવું છે આ શિબિરોનું ભણતર

✓ દર રવિવાર સવારે ૭ થી ૮ ભાઈઓના સામાયિક સહ શિબિર

✓ દર રવિવાર બપોરે ૩ થી ૪ બાળકોની શિબિર

✓ દર મંગળવારે બપોર ૨ થી ૩ બહેનોની શિબિર

**દરેક કાર્યક્રમમાં સમયસર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.**

## ચાતુર્માસ સાધારણ ખાતું

સ્વર્ણદાતા (૫૧)

શ્રીમતી કસ્તુરબેન ધનજી લખમશી સાવલા, નવાવાસ

(૩૧)

શ્રી દામજી જીવરાજ નાગડા, વરંડી મોટી

રજતદાતા (૨૧)

શ્રીમતી ઉર્મિલાબેન પોપટલાલ છેડા, ગોધરા
માતુશ્રી રાજબાઈ લીલાધર નાગડા, વરંડી મોટી
માતુશ્રી આસબાઈ ભાણજી મુરજી ગડા, લઠેડી
માતુશ્રી પાનબાઈ ખીમજી ડુંગરશી મામણીયા, મેરાઉ
માતુશ્રી શાંતાબેન હીરજી કાનજી ગોસર, સાભરાઈ
માતુશ્રી પુષ્પાબેન કેશવલાલ ધનજી સંઘવી, મુંદ્રા
માતુશ્રી લક્ષ્મીબેન પ્રેમજી છેડા, લાયજા મોટા
માતુશ્રી કેસરબેન ખીમજી ડાહ્યા ગડા, સાભરાઈ
માતુશ્રી દેવકાબેન આણંદજી નાગડા, વરંડી મોટી
માતુશ્રી કેસરબેન મેઘજી નાગડા, વરંડી મોટી
માતુશ્રી મોંઘીબેન લક્ષ્મીચંદ નાગડા, નરેડી
માતુશ્રી સોનબાઈ મુલજી ખેતશી પટેલ, સાયરા
માતુશ્રી રાણબાઈ પ્રેમજી ગડા, મોટા આસંબીયા
સ્વ. મોનીલ હર્ષદ સોની, નાના આસંબીયા
મા. યશ મનોજ હંસરાજ નાગડા, નરેડી
માતુશ્રી લક્ષ્મીબેન મોહનલાલ ગાલા, લાખાપર
શ્રીમતી લીલાવંતીબેન અમૃતલાલ ભેદા, સમાઘોઘા
શ્રીમતી લક્ષ્મીબેન મણીલાલ જેવત નાગડા, વરંડી મોટી
માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા, બગડા
માતુશ્રી ફેન્સીબાઈ ચંપાલાલજી રામાણી, નેલોર
માતુશ્રી રીટાબેન રાજેશભાઈ બાબરીયા, બરવાળા
શ્રીમતી હેમલતાબેન સુભાષચંદ ખંડોર, ચીરઈ મોટી
માતુશ્રી શાંતાબેન સરેમલજી ચોવટીયા મંડાર, (રાજ.)
શ્રીમતી ઈન્દુબેન ચંદ્રકાંત નાગરદાસ શાહ, સિહોર
માતુશ્રી પુરબાઈ વીસનજી હરીયા, શેરડી
માતુશ્રી ચંચળબેન માવજી ગાલા, ઉનડોઠ
માતુશ્રી રાજબાઈ પદમશી મોતા, હઃ મીનાબેન, કુવાપધર
માતુશ્રી રાજબાઈ પદમશી મોતા, હઃ અલકા માર્કેટીંગ
શ્રીમતી ચંદ્રિકાબેન ભરતભાઈ સાવલા, રાયણ
શ્રી મણશી પરબત ગાલા, સામખીયારી
માતુશ્રી કેસરબેન ધારશી સાવલા, હઃ સુપુત્રો, મોથાળા
શ્રીમતી ઉષાબેન તલકશી ગાલા, ચીયાસર
શ્રીમતી ચંદ્રિકાબેન લલિતકુમાર લોડાયા, રાપર ગઢવારી
માતુશ્રી મણીબેન રતનશી પ્રેમજી ગોગરી, નાંગલપર
શ્રી તલકશી કુંવરજી પાસડ, શેરડી
માતુશ્રી ભાનુબેન જેઠાલાલ ગાલા, દેશલપુર
શ્રીમતી મધુબેન રમેશજી ચોવટીયા, મંડાર (રાજ.)
માતુશ્રી ઉર્મિલાબેન નરપતરાજજી વાણી ગોતા, (રાજ.)
માતુશ્રી હાંસબાઈ રતનશી ગોસર, હાલાપુર
શ્રીમતી સુખીબેન કીશોરજી વજાવત, આહોર
શ્રીમતી ગુણવંતીબેન ચીમનલાલ રાંભીયા, સમાઘોઘા
માતુશ્રી હેમકુંવરબેન લખમશી દેઢીયા, ભુજપુર

વધુ આવતા અંકમાં...

DEEPAK MAVJI DHAROD Cell : 98490 53458

## BHAVANA TOURS & TRAVELS

RENT A CAR, INDIGO, SWIFT TAVERA, INOVA, TEMPO TRAVELLER & SEMI LUXURY BUSES

DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK

Address : Near Kachiguda Petrol Pump, Beside Shanti Niketan High School, Kachiguda, Hyd-27

(જા.ખ.)

આપણાં કચ્છ માંડવીના શ્રી મહેશ મહારાજ (કચ્છી) હૈદરાબાદમાં પધાર્યા છે. તેઓ કર્મકાંડ, ઉત્તરક્રીયા, જન્માક્ષર તથા જ્યોતિષીને લગતા બધા કાર્યો કરે છે. તેમનો મોબાઈલ નં. ૯૮૭૧૨૧૩૫૦૭ છે. જેમને પણ કાંઈ પણ ઉપરોક્ત કાર્ય હોય તેમને સંપર્ક કરવા વિનંતી. – લી. મહેશ મહારાજ

(જા.ખ.)



## FOR ALL YOUR COMPUTER WORK

- SOFTWARE INSTALLATION
- TROUBLE SHOOTING
- VIRUS CLEANING ETC.
- NEW COMPUTER SALES & PURCHASE

CONTACT : DEVESH - 9396971010

(જા.ખ.)



# આભાર

હાલમાં આયોજીત શ્રી કચ્છી મિત્ર મંડળની ચુંટણીમાં, આપ સૌએ મારા ઉપર વિશ્વાસ રાખી મંડળની કારોબારી સમિતિના એક સભ્ય તરીકે ચુંટી, સેવા કરવા ફરી અવસર આપવા બદલ આપ સૌ ભાઈ બહેનોનો ખૂબજ આભાર.....

**જયંત ખીમજી ગડા – મો. ૯૩૯૬૨ ૫૪૫૦૦**

(જા.ખ.)

**AYURVEDIC (WEIGHT LOSS) MEDICINE - 20 DAYS MEDICINE ONLY RS. 499/-**

**WEIGHT LOSS AFTER 20 DAYS 7KG. WASTE MATERIAL DISCHARGE**

1. WEIGHT LOSS
2. SUGAR
3. THYROID
4. JAUNDICE
5. BODY PAIN
6. HEIGHT, BODY, PERSONALITY
7. SMOKING, DRINKING TOBACCO
8. SKIN DISEASES
9. HERNIA
10. SORIASIS
11. SYNUS
12. MYDRANE
13. ASTHMA
14. PARALYSIS
15. CANCER
16. SEX PROBLEMS
17. DIALYSIS
18. EYE VISION RICH
19. SLEEPING PROBLEM
20. TIRED TO ACTIVE
21. MEMORY, FOCUS, CONCENTRATE

This Medicine was established from my Grand Father more than 160 Yrs. We are using this Medicine for 6 months and reduce weight by 40 Kgs and B.P. and Sugar in 100% control.

HOW DO YOU USE THIS MEDICINE ?
After Lunch 2 spoons and After Dinner 2 Spoons. After consuming this medicine your stomach will be completely cleaned in 8 hours time (Free motion compulsory)

HOW DOES THIS WORK ?
Weight Loss Medicine in 1400 Calorie burn after 8 hours.
Note : Ayurvedic medicine works steadily and you will get 100% result
Weight Loss will be effective after 20 days - 7 Kgs Waste Material Discharge

**OFFICE :**
Vijay Electric Trading Co.,
# 5-2-999, Nizam Shahi Road,
Osmangunj Petrol Pump,
Mouzamjahi Market, Hyderabad.

**RESIDENCE :**
3-4-760/1/402, Amrit Chaya Apt.,
Near More Super Market,
Telangana Yuvathi School, Barkatpura,
Street No. 12, Hyd-27.

**Contact : 93924 18463, 93476 49457**

**No Side Effects, Stop All bakery items, Chinese and Cold Items.**

(જા.ખ.)


JCI
Banjara Hyderabad
Jayceerette Wing
JAYCEERETTE WING OF
JCI BANJARA HYDERABAD
Presents
Build a Better Future
Banjara Mela
Fashion & Lifestyle Exhibition
18-19 July 2017
Kutchi Bhavan
Ramkote, Hyderabad
Chairperson
Jcrt. Aruna Daliya
Secretary
Jcrt. Vandana Kavadia
For Stall Booking Contact Project Advisor :
Jcrt. Namrata Baldawa - 8686030200
Jcrt Minakshi Bhuraria - 9391075821
: Project Chairpersons :
Jcrt Aarti Baldwa
Jcrt Bharti Jain
Jcrt Jyothi Maheshwari
Jcrt Pooja Rathi
Jcrt Sangeeta Bansal
Jcrt Anita Surana
Jcrt Beena Dassani
Jcrt Kavita Agarwal
Jcrt Pushpa Biyani

(જા.ખ.)


KRBL Limited
WORLD'S LARGEST RICE MILLERS & BASMATI RICE EXPORTERS
India ki Puraani Aadat
INDIA GATE
BASMATI RICE
2 YEARS AGED RICE
Our Products
Unity
Alwisam
Indian farm
Albustan
Nurjahan
And Many More
Off : 24557722
24552828
Jayant : 9396254500
9246820909
Jay : 9133012330
Authorised Distributor (TS/AP)
SHREE KESAR TRADING COMPANY
Shop No. 182, Sri Krupa Market, Malakpet, TS - 36
E-mail : sktc_hyd@yahoo.com
(જા.ખ.)



શુભ　　॥ અનંત ચૌવિશી જીન નમો ॥　　લાભ

# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. ફોન : ૦૪૦-૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫
સંચાલક : હંસકુમાર રાયચંદ સાયલા ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫, પ્રચાર સંયોજક : રિદ્ધીશ રમેશ જાગીરદાર

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. સાથે-સાથે દર મહિનાના ત્રીજા રવિવારે શ્રી મેડચલ તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તી દિઠ માત્ર રૂા. ૫૦/- તથા બસના લાભાર્થીનો નકરો રૂા. ૫૧૦૦/- છે. આવા અદ્વિતીય વ્યવસ્થાનુ લાભ જરૂર થી લેશો તથા અન્યને પણ લાભ લેવા અનુમોદીત કરશો.

શ્રી સંઘની પ્રવૃતીઓને દસ વર્ષ પૂરા થતા આ વર્ષ દશાબ્દી વર્ષના નાતે ઉજવાઈ રહ્યો છે. એના એક ભાગ રૂપે ૧૩ જૂન ૨૦૧૭ થી ૨૯ જુન ૨૦૧૭ પાંચ દિવસની પૂના, કાત્રજ, તલેગાંવ, પંચગીની તથા મહાબલેશ્વર યાત્રાનો આયોજન થએલ. ૩૨ જણ આ યાત્રામાં જોડાયા સર્વે ઠેકાણેં રહેવાની, જમવાની ઉત્તમ વ્યવસ્થા હતી ઉમંગભેર બધાની અવિસ્મરણિય યાત્રા થયેલ તથા વેલી તકે આવીજ યાત્રાનો આયોજન થાય તે માટે સર્વેએ ભલામણ કરેલ. પર્વ પર્યુષણ પશ્ચાત હૈદ્રાબાદ સીકંદ્રાબાદ ના લગભગ મંદીરોની ચૈત્યપરિપાટીનું કાર્યક્રમ આયોજીત થશે. કાર્યક્રમ નક્કી થતા તેની વ્યવસ્થીત રીતે જાહેરાત થશે. ત્યારે વધુ થી વધુ સંખ્યામાં ભાગ લઈ ધર્મ આરાધનાનો અનેરો લાભ લેશોજી.

દર રવિવારે પૂજા કરનાર બાળકોને પ્રભાવના આપવાનો લાભ લેવો હોયતો સંચાલક શ્રીનું સંપર્ક કરશો.

આજીવન સભ્યપદની નોંધણી પૂર જોશમાં ચાલુ છે આપશ્રી પણ આજીવન સભ્ય બની દર મહીનાના શ્રી કુલપાકજી તથા શ્રી મેડચલ તીર્થ યાત્રાનો લાભ લેશો. આજીવન સભ્યને આ યાત્રાઓ શ્રી સંઘ તરફથી કરાવવામાં આવશે. શ્રી સંઘમાં સાધારણ ફંડની વૃધ્ધી માટે સંકલ્પ અનુદાન પત્રોનું વિતરણ ચાલુ છે. પરિવારના શુભ પ્રસંગને યાદગાર બનાવા ઉપરોક્ત સંકલ્પ પત્ર લઈ પૂન્યાર્જન કરશો.

શ્રી કુલપાકજી તીર્થ યાત્રાના કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :

## માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી
## રામજી રવજી સોજપાલ ગાલા પરિવાર,

ગામ મોટા લાયજા-કચ્છ, હાલ સાયન-મુંબઈ

હસ્તે શ્રીમતી મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર

(જા.ખ.)